



# જળ ચઢાવ્યા વગર માત્ર દર્શનથી જ ચમત્કારિક લાભ આપતું પારદ શિવલિંગ

**જડીબુટ્ટી**

**નજુમી**

શિવલિંગનું નિર્માણ ધાતુ,પથ્થર, રત્ન, સોના, ચાંદી, તાંબા, અષ્ઠધાતુ, કાષ્ટે(લાકડા)નું, માટી વગેરેથી કરવામાં આવે છે.

પારાથી બનેલા શિવલિંગને બહૂ જ શ્રેષ્ઠ માનવમાં આવે છે. તેની સ્થાપના મકાન,ઘર, દુકાન, કાર્યાલય તથા વાહન વગેરેમાં કરી શકાય છે. તે બહૂ જ પવિત્ર માનવામાં આવે છે. ઘરે રાખવાથી તેના પર પાણી ચઢાવવાની જરૂર રહેતી નથી. તેનાં દરરોજ દર્શન માત્રથી અનેક પાપોનો નાશ થાય છેઃ સાડા સાતી, શનિ, રાહુની દશા, કાલસર્પ યોગ તથા આંશિક કે અર્ધ કાલસર્પ યોગથી પ્રભાવિત વ્યક્તિઓ માટે આ શ્રેષ્ઠ ફળદાયક છે. માનસિક અશાંતિ, તથા શારીરિક વ્યાધિઓને દૂર કરીને તે આર્થિક સમૃધ્ધિ આપવામાં સક્ષમ હોય છે. તેની સામે 'ઓમ નમઃ શિવાય' મંત્રનો જપ તુરંત ફલદાયક હોય છે.

**પારદ શિવલિંગનાં નિયમિત દર્શનથી બધી ભૌતિક અને આધ્યાત્મિક સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે!**

પારદ શિવલિંગની સામે રોજ વિધિવત્ મહામૃત્યુંજય મંત્રનો જપ કરવાથી દુર્ઘટના અથવા અકાળ મૃત્યુનો ભય રહેતો નથી. એવું માનવમાં આવે છે કે, કરોડો શિવલિંગોની પૂજા કરવાથી પ્રાત્પ થઈ જાય છે. તેના રોજ દર્શન કરવાથી 100 અશ્વમેધ યજ્ઞ કરવાનુંઃ કરોડો ગાયનું દાન તથા સહસ્ત્રો 'એક હજાર' મણ સોનું દાન કર્યા બરાબર ફળ પ્રાપ્ત થાય છે. પારાથી વધારે ગુણવાળો કોઈ પણ પદાર્થ ઉપલબ્ધ નથી. પારદને ભગવાન શિવનું શક્તિ રૂપ માનવામાં આવે છે તે કારણે તે દેવતાઓ દ્વારા પણ વંદનીય છે. બધી ધાતુઓમાં સર્વશ્રેષ્ઠ હોવાના કારણે પારદથી બનેલી વસ્તુઓ સ્વયં સિધ્ધ માનવામાં આવે છે. ભગવાન શિવ શીઘ્ર પ્રસન્ન/ખુશ થનારા દેવ છે. પારદ શિવલિંગનાં નિયમિત દર્શનથી બધી ભૌતિક અને આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

પારદ શિવલિંગની ઘરમાં વિધિવત સ્થાપનાથી ભગવાન શિવની કૃપા શીઘ્ર પ્રાપ્ત થાય છે. પારદ ભગવાન શિવની ધાતુ છે તથા તેમાં ભગવાન શિવનો વાસ માનવામાં આવે છે. કહેવાય છે કે, ઘરમાં જપ કરવાથી સો ગણું, પવિત્ર વન અને તીર્થમાં હજાર ગણું, પર્વત પર દસ હજાર ગણું નદીના કિનારે જપ કરવાથી લાખ ગણું ફળ મળે છે આ કારણે જ બધા શિવભક્તોએ પારદ શિવલિંગની સ્થાપના પોતાના ઘરમાં કરવી જોઈએ. પારદ શિવલિંગને ઘરમાં સ્થાપિત કરવાનો સર્વશ્રેષ્ઠ દિવસ સોમવાર છે.

**પારાથી બનેલા શિવલિંગને બહુ જ શ્રેષ્ઠ અને પવિત્ર માનવામાં આવે છે, તેથી કરોડો શિવલિંગોની પૂજા કરવાથી વ્યક્તિને જે ફળ મળે છે તે ફક્ત પારદ શિવલિંગથી જ મળે છે!**



પરંતુ શ્રાવણ મહિનામાં કોઈ પણ દિવસ થઈ શકે છે. તેરસ અને ચૌદશ તિથિઓ પણ તેના માટે શ્રેષ્ઠ હોય છે. પારદ શિવલિંગને પૂરી શ્રધ્ધા સહિત સુંદર આસન પર સ્થાપિત કરવું. તેના પર બિલીપત્ર ચઢાવવું તથા રુદ્રાક્ષની માળાથી મંત્ર જાપ કરવો.

પારદ શિવલિંગ બધાં શિવલિંગોમાં શ્રેષ્ઠ માનવમાં આવે છે. પારિવારીક જીવનમાં સુખ, શાંતિ, આર્થિક સમૃધ્ધિ તથા સામાજિક પ્રતિષ્ઠા વગેરે માટે તેમાં પ્રતિદિન દર્શન તથા પૂજા એક સરળ તથા શીઘ્ર ફળદાયક ઉપાય છે. ભગવાન શિવના બધા સાધકોએ તેને પોતાના ઘરમાં અથવા કાર્ય સ્થળમાં અવશ્ય સ્થાપિત કરવું જોઈએ. આજકાલ બજારમાં નકલી પારદ શિવલિંગ મળે છે તેથી ખાતરી કરી લેવી.

# કમનસીબ બનાવતો શનિ-રાહુનો શ્રાપિત દોષમાંથી છુટકારો મેળવવાનો શ્રાવણમાં સચોટ ઉપાય



**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

**જન્માક્ષર કર્મ... જન્મ કુંડળી દોષની પૂજા**

સામાન્ય રીતે કાલસર્પ દોષ, શનિ-રાહુથી શ્રાપિત દોષ, મંગળ-રાહુ/ મંગળ-કેતુ/શનિ-મંગળથી અંગારક યોગ, ગુરુ-રાહુ/ ગુરુ-કેતુનો ચાંડાલ યોગ, કેમદ્રુમ યોગઃ ચંદ્ર ભગવાનની પૂજા, શનિ-ચંદ્ર વિષયોગ, સૂર્ય-રાહુ/સૂર્ય-કેતુ/ સૂર્ય-ચંદ્રનો ગ્રહણ દોષ, નાડી દોષ વગેરે દોષો થતા હોય છે તેના નિવારણ માટે શ્રાવણ મહિનો ઉત્તમ છે કારણ કે 'રાહુ' ગ્રહથી મોટા ભાગના દોષો બને છે તેથી શિવ પૂજાથી ઉપરોક્ત બધા દોષોનું શમન થઇ જાય છે. શ્રાવણ મહિનો શિવજીનો હોવાથી તથા રાહુથી થતાં દોષોનું શમન શિવ પૂજાથી થાય છે તેથી સો ગણું રિઝલ્ટ મળે છે!

**શ્રાપિત દોષઃ શનિ-રાહુ**

શનિ-રાહુ- 'શ્રાપિત દોષ'- નીચેમાંથી કોઇ પણ અથવા ઘણીબધી સમસ્યાઓનું કારણ બની શકે છે. જે પરિસ્થિતિમાં કોઇ વ્યકિતની કુંડળીમાં શનિ-રાહુ-શ્રાપિત યોગ હોય છે તેમને જરૂરી છે કે, આ પૂજા શકય તેટલી વહેલી તકે કરવી જોઇએ. કુંડળીમાં શ્રાપિત યોગને શ્રાપિત દોષ તરીકે ઓળખવામાં આવે છે. શનિ અને રાહુ ગ્રહો એક જ કુંડળીમાં એક સાથે બિરાજમાન થાય છે ત્યારે શ્રાપિત દોષ બને છે. 'શ્રાપિત' શબ્દનો અર્થ એવો છે કે, જે તેના પાછલાં જીવનમાં ખરાબ કાર્યો (કર્મો)ને કારણે શાપિત થયો હોય છે. શનિ-રાહુ જયારે એકબીજા સામે હોય... રાહુની પાંચમી, સાતમી અને નવમી દૃષ્ટિ શનિ ગ્રહ ઉપર થતી હોય અથવા શનિની ત્રીજી, સાતમી અને દશમી દૃષ્ટિ રાહુ ઉપર પડતી હોય તો પણ તે દોષમાં પરિણમે છે.

**શ્રાપિત દોષની જીવન પર શું શું અસર પડે છે!**

જે વ્યકિતની કુંડળીમાં આ દોષ હોય છે... તે જીવનની વૈભવી વસ્તુઓ અને સુખ-સુવિધાઓનો આનંદ માણવા માટે અસમર્થ હોય છે. પછી ભલેને તેને ઐશ્વર્ય ઉપલબ્ધ હોય પરંતુ સુખ માટે ફાંફાં મારવાં પડે છે.

- જન્મ કુંડળીમાં આ દોષ આવવાનું કારણ એ છે કે, વ્યકિતને પાછલા જન્મમાં કોઇ વ્યકિત દ્વારા 'શ્રાપ' આપવામાં આવ્યો હોય; અથવા તે તેના દ્વારા પાછલા જન્મમાં ઈરાદાપૂર્વક અજાણતાંથી કરેલાં કોઇ અશુભ કર્મને કારણે હોઈ શકે છે. જો આ દોષને શાંત ન કરવામાં આવે તો આ દોષ પેઢી દર પેઢી સતત પજવતી રહે તેવી એક પ્રકારની ધમકી છે!

આ શનિ-રાહુ શ્રાપિત યોગ એક અત્યંત ભયંકર યોગ છે. જીવનમાં તે ભારે કષ્ટો આપે છે. કયારેક આ યોગને કારણે આખું જીવન અસ્તવ્યસ્ત થઇ જાય છે. જો આ યોગ કુંડળીમાં બિરાજમાન હોય તો બીજા ગમે તેટલા શુભ યોગો બનતા હોય તો પણ તેનો ફાયદાકારક પ્રભાવ મેળવી શકતો નથી. ટૂંકમાં જન્મ કુંડળીનું હીર ચૂસી લે છે!

શનિ રાહુ શ્રાપિત દોષને કારણે જીવનનાં લગભગ તમામ ક્ષેત્રોને નકારાત્મક રીતે અસર કરે છે. આ યોગથી અસરગ્રસ્ત વ્યકિતને કૌટુંબિક, લગ્નજીવન, બાળકો, વ્યવસાય, કારકિર્દી વગેરે સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વ્યકિત એવી બાબતોથી પણ પીડાઇ શકે છે... જે તેની સાથે સીધી રીતે સંબંધિત પણ નથી! આ રીતે શનિ અને રાહુનો આ સંયોગ વ્યકિતને બુદ્ધિશાળી બનાવીને અનુકૂળ સાબિત થાય છે. તે તેને ટેક્નોલોજી સંબંધિત કામ સહિત વિવિધ વ્યાપારી પ્રવૃત્તિઓમાં ખૂબ જ સફળ થવા માટે સક્ષમ બનાવે છે. અને તેથી કમનસીબે તે તેની સફળતાનું ફળ આપી શકતો નથી!

**જન્મ કુંડળીનું હીર ચૂસી લેતો આ શ્રાપિત દોષને કારણે આખી જિંદગી રડયા જ કરવું પડે... લાઇટમાં અવાય જ નહીં!**

- સમસ્યારૂપ લગ્નજીવન, છૂટાછેડા, પતિ અને પત્ની વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો.
- ગર્ભધારણમાં સમસ્યાઓ, બહુવિધ કસુવાવડ અને બાળ જન્મ સંબંધિત સમસ્યાઓ.
- બાળકોનું સ્વાસ્થ્ય ચિંતાનું કાયમી કારણ બને છે.
- વ્યકિતનાં શિક્ષણ અને કારકિર્દી ક્ષેત્રે સમસ્યાઓ અને અવરોધો.
- પરિવારના સભ્યો વચ્ચે નિયમિત પ્રચલિત વિવાદો અને વિસંગતતા.
- કેટલીકવાર આ દોષ જીવનસાથીના અકાળે અને અચાનક મૃત્યુમાં પણ પરિણમે છે.

શનિ-રાહુના શ્રાપિત દોષમાંથી છુટકારો મેળવવા લઘુરુદ્ર ખાસ કરાવવો. શિવપૂજાથી જ આ દોષ દૂર થાય છે ને સુખી થવાય છે.



**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

# શ્રાવણ મહિનામાં કયું કયું શિવ પૂજન... મંત્રો કરવાથી જીવન જલદી સુખી થવાય!

જો શ્રાવણ મહિનામાં ભગવાન શિવની પૂર્ણ ભક્તિ અને વિધિ-વિધાનથી પૂજા કરવામાં આવે તો એવી કોઈ ઈચ્છા અથવા કોઈ ઈચ્છા હોઈ ના શકે - જે ભગવાન ભોલેનાથ શિવ તેમના ભક્તો માટે પૂર્ણ ના કરે! 'રુદ્રાભિષેક' શ્રાવણ મહિનામાં કરવામાં આવતી સૌથી મોટી ધાર્મિક વિધિ પૂરી ભક્તિ અને સમર્પણ સાથે કરીએ તો શિવભક્તિ પોતાના વ્યક્તિત્વને ઉજાગર કરે છે. રુદ્રાભિષેક શબ્દ 'રુદ્ર' અને 'અભિષેક' શબ્દોને જોડીને બનાવવામાં આવ્યો છે. 'રુદ્ર': એટલે કે ભગવાન શિવ તમારા બધા દુઃખોનો નાશ કરે છે. 'અભિષેક'નો શાબ્દિક અર્થ થાય છેઃ પાણીથી સિંચાઈ. રુદ્રાભિષેક ના સંદર્ભમાં 'અભિષેક' શબ્દનો અર્થ થાય છેઃ ભગવાન શિવના શિવલિંગને પાણીથી સ્નાન કરવું. આ એક સંપૂર્ણ વિધિ સાથે કરવાનું કામ છે.

**હોનાત્મક લઘુરુદ્ર**

ભગવાન શિવને સમચિતિ સૌથી શક્તિશાળી અને લાભદાયી પૂજાઓમાંની એક 'લઘુ રુદ્રપૂજા' અને 'હવન' છે. 'શ્રી રુદ્ર' અને 'ચમક' (યજ્ઞ સિધ્ધિ) - એ ભગવાન રુદ્રને સમર્પિત - બે સૌથી શક્તિશાળી વૈદિક સ્તોત્રો છે, જેનો ઉલ્લેખ યુજુર્વેદમાં કરવામાં આવ્યો છે. ભગવાન શિવનાં કેટલાંક પ્રાચીન અને વૈદિક નામો તેમ જ તેમનાં વિવિધ પાસાંઓ અને લક્ષણોને શ્રી રુદ્રમ અને ચમક વિધિઓમાં બોલાવવામાં આવે છે અને તેની પૂજા કરવામાં આવે છે.

લઘુ રુદ્ર પૂજન અને હવન દરમિયાન એકાદશી રુદ્રમના અગિયાર પાઠ કરવામાં આવે છે. એક એકાદશી રુદ્રમ - એ અગિયાર શ્રી રુદ્રમ પઠન પછી એક ચમક પઠનથી બનેલું છે. એવું કહેવાય છે કે, શ્રી રુદ્રમની શક્તિ બીમારોને સાજા કરે છે. પૈસા અને શક્તિ આપે છે. મૃત્યુને અટકાવે છે. ભગવાન શિવ તેમના ભક્તોને - કૃપા, ભાગ્ય, શક્તિ, આરોગ્ય અને સુખ આપનાર છે.

લઘુ રુદ્ર પૂજન અને હવનની શક્તિ - સફળતા, પરિપૂર્ણતા ,આંતરિક શાંતિ ; આત્મા અને મનની શુધ્ધતા તેમજ ભક્તો પરનાં તમામ નકારાત્મક કર્મોને નાબૂદ કરે છે.

**ઘરે લઘુ રુદ્રનો અભિષેક કે હોનાત્મક પૂજા કરીને શિવ કૃપા ઝડપથી મેળવી શકાય છે! પરંતુ તે જાણકાર વ્યક્તિ પાસે સંપન્ન કરાવવાથી સચોટ ફળ મળી શકે છે.**

આ હોમાત્મક લઘુ રુદ્ર પુજાને પૂર્ણ કરીને વ્યક્તિ પોતાનાં સ્વાસ્થય, સમૃદ્ધિ અને સુખ પર નિયંત્રણ મેળવી શકે છે. તેઓ નકારાત્મક અસરો તથા દુશ્મનોની વિશાળ શ્રેણી સામે સુરક્ષિત રહે છે. તમામ નજીકના મિત્રો, અને પરિવારના સભ્યો સાથે તેમના સંબંધો સુધરે છે. ઉપરાંત આધ્યાત્મિક ઉન્નતિ તથા મનની શાંતિ મેળવે છે. દંત કથા મુજબ ભગવાન શિવે ભસ્માસુરનો વધ કર્યા પછી 'રુદ્ર યજ્ઞ'કર્યો હતો. અભિષેક ઉપરાંત ઋગ્વેદના શ્રી રુદ્ર મંત્રનો જાય કરવામાં આવે છે. રુદ્રયજ્ઞ કર્યા પછી - ભક્તોને આધ્યાત્મિકતા તેમ જ ભૌતિકતાની દ્રષ્ટિએ લાભ થાય છે.

'હોમાત્મક લઘુ રુદ્ર' - એક શક્તિશાળી ધાર્મિક વિધિ છે જે ઘણાંબધા સારા નસીબને આકર્ષે છે. જો તમે આ પૂજા સંપૂર્ણ સમર્પણ અને વિશ્વાસ સાથે કરો તો તમને બે થી ત્રણ મહિનામાં પરિણામ જોવા મળશે.

પરંતુ પૂજા સારી રીતે તથા અનુભવી હોય તેવા બ્રાહ્મણો દ્વારા કરાવવી જોઈએ. હોમાત્મક લઘુ રુદ્રમાં 1000 ભગવાન શિવના મંત્રોની આહુતિ આપવામાં આવે છે. આ પૂજા એક દિવસ ચાલે છે.... બધી મુશ્કેલીઓમાંથી છુટકારો મેળવવા, બધી બીમારીઓમાંથી છુટકારો મેળવવા તેમ જ લાંબાં આયુષ્ય માટે આશીર્વાદ પ્રાપ્ત કરવા... બધી ઈચ્છાઓ - મનોકામનાઓ પૂર્ણ કરવા શ્રાવણ મહિનામાં આનાથી ઉત્તમ એક પણ નથી. શિવ મંદિરમાં દર્શન, પૂજા માટે લાઈનમાં ઊભા રહેવું. ધક્કામુકી થવાથી આટલા બધા કિલોમીટર ગયા પછી બે હાથ જોડો એટલામાં બહાર કાઢે છે!! આના કરતાં ઘરે લઘુ રુદ્ર અભિષેક અથવા હોમાત્મક કરીને શિવજીની કૃપા મેળવવી સહેલી પડે છે.

**જયાત્મક લઘુ રુદ્ર**

પાંચ ભૂદેવ સાથે મહાદેવ ઉપર અભિષેક સાથે કરવામાં આવતી પૂજા અને મહાદેવના સ્તોત્ર પાઠ 125 વખત કરવામાં આવે છે. આ પૂજામાં ગણપતિ પૂજા પુણ્ય વાચના મહાદેવની પૂજા કરવામાં આવે છે. આ પૂજા વિશેષ કરીને શ્રાવણ મહિનામાં અને જન્મ દિવસ નિમિત્તે તથા અનેક રોગ હોય તેમાંથી છુટકારા માટે અલગ - અલગ દ્રવ્ય દ્વારા મહાદેવજી પર અભિષેક કરવામાં આવે છે.

**મહામૃત્યું જય જય**

આપના પરિવારમાં કોઈ વ્યક્તિની તબિયત ના-દુરસ્ત રહેતી હોય તો 1,25,000 મહામૃત્યુંજય જય કરવામાં આવે છે, જેથી મહાદેવજીની કૃપા થાય છે.અને જીવન તંદુરસ્તી રહે છે. અને જીવનમાં તકલીફોમાંથી છુટકારો મળે છે.

# ॐ નમઃ શિવાય અથવા શિવ... શિવ...ના મંત્રજાપ કરવાથી અનેક વ્યકિતઓ કંગાળમાંથી કરોડપતિ બન્યા છે!

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

ભગવાન શિવ પોતાના ભકતો પર સૌથી શીઘ્ર પ્રસન્ન રહેવા માટે પ્રસિદ્ધ છે. એટલા માટે તેમને 'ભોલેનાથ' પણ કહે છે. પરિણામનો વિચાર કર્યા વગર જ સાધક દ્વારા માંગલી બધી વસ્તુઓને 'તથાસ્તુ' કહીને કહી દે છે. ત્યરે તો શિવજીની પૂજા દરેક શહેર, ગામમાં અને ઘરમાં થાય છે. શિવજીની પૂજા તો એટલી સરળ છે કે, ફકત જળ, બિલીપત્ર અને ઝેરી વસ્તુઓથી જ ખુશ થઇ જાય છે. 'ॐ નમઃ શિવાય' અથવા 'શિવ, શિવ'ના મંત્ર કરતાં જ અનેક વ્યકિત કંગાળમાંથી કરોડપતિ બની ચૂકયા છે. 'અહંકાર'નો ત્યાગ કરીને પોતાને શિવનાં ચરણોમાં અર્પણ કરી દેવાથી જ સમસ્ત સંકટ ટળી જાય છે!

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશમાં મહેશનું કામ સંહાર કરવાનું છે. મહેશ (શિવજી)ની પૂજા સ્તુતિ કરવાથી અનેક શ્રદ્ધાળુ જે મરણાસન્ન હતા... આરોગ્ય ખરાબ હોવાના કારણે ઊઠવા માટે પણ તે લાચાર હતા... તેઓ પોતાનું આરોગ્ય ફરીથી પ્રાપ્ત કરી ચૂકયા છે... મૃત્યુના મુખમાંથી પાછા ફર્યા છે. આયુષ્ય વધારો કરવા માટે ભગવાન શિવ જ સક્ષમ છે.

પોતાનાં કષ્ટોનાં નિવારણ તથા સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાપ્તિ માટે ભગવાન શિવની આગળ આપેલા મંત્રોમાંથી કોઈ પણ દરરોજ કરવો.

ભગવાન શિવના મંત્રોના જાપ માટે રુદ્રાક્ષની 108 દાણાની માળાનો ઉપયોગ કરવો.

1. નમઃ શિવાય 2. રॐ નમઃ શિવાય 3. ॐ નમઃ નીલકંઠાય 4. હ્રીં ॐ નમઃ શિવાય હ્રીં.

'ॐ નમઃ શિવાય' પ્રણવ સહિત પંચાક્ષર મંત્ર છે. તે વેદનો સાર તત્વ છે, મોક્ષ આપનાર છે. શિવની આજ્ઞાથી સિદ્ધ છે. સંદેહશૂન્ય છે. તે નાના પ્રકારની સિદ્ધિઓથી ભરેલો, દિવ્ય, લોકોનાં મનને ખુશ તેમ જ નિર્મલ કરનાર, મનોરથ પૂર્ણ કરનારા તથા પરમેશ્વરનું ગંભીર વચન છે. સર્વજ્ઞ શિવને સંપૂર્ણ દેહધારિયોના બધા મનોરથોની સિદ્ધિ માટે આ મંત્રનું પ્રતિપાદન કર્યું છે. તે સંપૂર્ણ વિદ્યાઓનું મૂળ છે. અત્યંત સૂક્ષ્મ હોવા છતાં પણ આ મંત્રનો મહાન અર્થ પરિપૂર્ણ સમજવો જોઈએ. આ મંત્રના જપમાં લાગેલો પુરુષ- જો પંડિત, મૂર્ખ, અંત્યજ અથવા અધમ પણ હોય તો પણ તે પાપપંજરમાંથી મુકત થઇ જાય છે.

**બધી તરફથી નિરાશા અને પરેશાન હોવ તો આ મંત્રનો સહારો લેવાથી જીવન બદલાઇ જાય છે... આરોગ્ય ના સુધરતું હોય, માનસિક અશાંતિ, આર્થિક સ્થિતિ, સમાજમાં શાખ ઘટવી, જીવનમાંથી લગાવ ઓછો થવો વગેરે માટે મહામૃત્યુંજય મંત્ર સચોટ પરિણામ આપે છે!!**

મૃત્યુંજય મંત્ર

ॐ ત્રયમ્બકં યજામહે સુગંધિમ્ પુષ્ટિવર્ધનમ્!
ઉર્વારુક્મિવ બંધનાન્મૃત્યોમુર્ક્ષીય મામૃતાત્!!

આ મૃત્યુંજય મંત્ર છે. તેનો પ્રભાવ એટલો તીવ્ર અને અમોધ છે કે તેના નિત્ય પાઠથી જૂનામાં જૂની બીમારી દૂર થઇ જાય છે.

જો બીમારી ઘણી વિકટ હોય અને ડોકટર પણ અસમર્થ હોય તેમજ તેઓ જવાબ આપી ચૂકયા હોય અથવા આયુષ્ય ક્ષીણ થતું હોય... તો અવશ્ય આ મંત્રનો ઉપયોગ કરવો. આ અજમાવેલો મંત્ર છે. ભગવાન શિવની સામે તેનો 108 વાર મંત્ર દરરોજ કરવો. રોગી પોતે પાઠ કરી શકે તો ઘણું સારું રહેશે. નહીંતર કોઇ નજીકના સંબંધી પાઠ કરી શકે છે.

મહામૃત્યુંજય મંત્ર

ॐ હ્રૌં જૂં સઃ ॐ ભૂર્ભુવઃ સ્વઃ!
ॐ ત્રયમ્બકં યજામહે સુગન્ધિમ્ પુષ્ટિવર્ધનમ્!
ઉર્વારુકમિવબંધના ન્મૃત્યોર્મુક્ષીય મામૃતાત્!
ॐ સ્વઃ ભ્રુવઃ ભૂઃ ॐ સઃ જૂં હ્રૌં ॐ સ્વાહા!!

જો તમે ઘોર નિરાશામાં ફસાઇ ગયા હોવ... આરોગ્યમાં સુધારો ન થતો હોય... આર્થિક સ્થિતિ સારી ના હોય... સમાજમાં પણ સાખ ઘટતી જતી હોય... ધીરે ધીરે જીવનમાંથી લગાવ ઓછો થતો જતો હોય... એક પછી એક પરેશાની આવતી જ હોય... નિરાશા ઘણી વધારે થઇ ચૂકી હોય... અર્થાત્ બધી તરફથી નિરાશ અને પરેશાન હોવ તો આ મંત્રનો સહારો લેવો. આ અજમાયેલો મંત્ર છે. તેના પ્રભાવથી સમાજમાં માન, સન્માન, સ્વાસ્થ્ય લાભ, આર્થિક અને રાજકીય સ્થિતિમાં સુધારો થાય છે અને મનમાં જીવવા માટે એક નવો વિશ્વાસ ઉભો થાય છે. આ મંત્રના દરરોજ જપથી મૃત્યુનો ભય દૂર થાય છે તથા આયુષ્ય વૃદ્ધિ થાય છે.

